

આણંદ શહેરમાં ઉત્તરાયણ પર્વને લઈને માર્ગો પર ઠેર ઠેર પતંગ દોરીની હાટડીઓ જોવા મળે છે. (તસવીર : ભરત કપૂર, આણંદ)

સીસ્વામાં જુગારની રેડ દરમિયાન નાસભાગમાં કાંસમાં પડતાં એકનું મોત

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૨

બોરસદ તાલુકાના સીસ્વામ ગામમાં આવેલ રબારી ચકલા નજીક કેટલાક ઈસમો પત્તાપાનાનો જુગાર રમી રહ્યા છે તેની બાતમી મળતાં ભાદરણ પોલીસે સાડા સાતેક વાગ્યાના સુમારે અચાનક છાપો મારતાં જુગાર રમતના જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે સ્થળ પરથી પાંચ ઈસમોને ઝડપી પાડયા હતા. એક ઈસમ પોલીસથી બચવા માટે ભાગ્યો હતો. ભાગવા જતાં કાંસમાં પડી ગયો હતો. જ્યાં તેનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. આજે સવારે આ યુવાનની લાશ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

મળતી માહિતી મુજબ આ મૃત્યુ પામનાર ઈસમ મહાદેવ ફળિયામાં રહેતા ગોકળભાઈ મનુભાઈ સોલંકી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પોલીસે લાશનો કબજો લઈને અકસ્માત મોતનો ગુનો નોંધી લાશને પીએમ માટે નડીઆદની સિવિલ હોસ્પિટલમાં મોકલી આપી હતી. જ્યારે બીજી તરફ ભાદરણ પોલીસે રૂા. ૪૧૭૦ ની રકમ સાથે જુગાર રમતા પકડાયેલા રણજીભાઈ જગદીશભાઈ રાવળ, રઈજીભાઈ પરમાર, સંજયભાઈ રમણભાઈ સોલંકી, ઠાકોરભાઈ શનાભાઈ સોલંકી તથા સુરેશભાઈ આશાભાઈ સોલંકી વિરૂદ્ધ જુગાર ધારાની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરાના નિવૃત્ત પોલીસકર્મીએ પેટની બિમારીથી કંટાળી નહેરમાં ઝંપલાવી મોત વહાલુ કર્યું

(બ્યુરો) નડિયાદ, તા.૧૨

પેટની બીમારીથી કંટાળી ઘર ત્યજી દીધા બાદ નહેરમાં ઝંપલાવી મોત વહાલુ કરી લેનાર વડોદરાના એક નીવૃત્ત પોલીસ કર્મીનો મૃતદેહ આજે સવારે કપડવંજના સીલોડ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલના પાણીમાંથી મળી આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરાના ડેસર તાલુકાના જીતપુરા ગામના ચંદુભાઈ શંકરભાઈ સોલંકી વડોદરા પોલીસમાં ફરજ બજાવતા હતા તે છએક માસ પૂર્વે વડોદરા કોઠી કચેરીમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન નિવૃત્ત થતાં પરીવાર સાથે વતન જીતપુરા રહેવા ગયા હતા.

નિવૃત્ત પોલીસ કર્મી ચંદુભાઈ છેલ્લા ઘણા સમયથી પેટની બિમારીથી પીડાતા હતા અને આ માટે તેઓએ વિવિધ દસેક જેટલા તબીબો પાસે તપાસ કરાવી દવા-દારૂ કરાવ્યા છતાં બિમારીમાં કોઈ ફરક પડ્યો ન હતો. જેથી તે કંટાળી ગયા હતા. જેમાં છેલ્લા થોડા દિવસોથી પેટની અસહ્ય બિમારી ઉપાડો લીધો હતો. જેથી કંટાળેલ ચંદુભાઈ પરમ દિવસ સાંજના સમયે પોતાનું બાઈક નંબર જી.જે.૬ એ.એમ. ૮૭૯૦ લઈ ઘેરથી નિકળી ગયા હતા.

બાદ તે શમા ચોકડી ખાતેની નર્મદા કેનાલ પાસે પાર્ક કરી ચંદુભાઈ (ઉં.વ.૫૯) એ કેનાલના પાણીમાં ઝંપલાવી દીધું હતું. આ વચ્ચે તેઓ સમયસર ઘેર પરત ન પહોંચતા પરીવારજનોએ વ્યાપક શોધખોળ આદર્યા બાદ તેઓ મળી ન આવતાં ડેસર પોલીસને આ અંગે જાણ કરાય હતી. જેથી ડેસર પોલીસે ગૂમ જાણવાજોગની નોંધ કરી તેઓની શોધખોળ આદરી હતી.

દરમ્યાન આજે સવારના સમયે ગૂમ નિવૃત્ત પોલીસ કર્મી ચંદુભાઈનો મૃતદેહ કપડવંજના સાલોડ ગામની સીમમાંની નર્મદા કેનાલના પાણીમાંથી મળી આવતાં દોડી આવેલ કપડવંજ ગ્રામ્ય પોલીસે મૃતદેહ કબજે લઈ પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો.

૦-૦-૦-૦

ઓડ બી.એડ. કોલેજમાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન

આણંદ, તા.૧૨

કે. જી. પટેલ કોમર્સ કોલેજ ઓફ એજ્યુ. ઓડમાં એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિદ્યાર્થીઓએ સરદાર ડેમ, સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા પોઈચા નીલકંઠધામની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે ઓડ એજ્યુ. સોસાયટીના મંત્રી હિતેશભાઈ પટેલ (શ્રોફ) ઉપપ્રમુખ મયુરભાઈ પટેલ (કિસાન પરીવાર) તેમજ રાજુભાઈ પટેલ (ડોલફીન વોચ) તથા ટ્રસ્ટીઓએ સહકાર આપ્યો હતો.

બ્લડ બેંક હોલ નડીઆદ ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ પ્રસંગે જુનિયર જેસી વીંગ દ્વારા યોજાયેલ યુવા શક્તિ ૨૦૧૮ ની ઉજવણીમાં જાગો ઊઠો અને ધ્યેય પ્રાપ્ત સુધી મંડ્યા રહો એ સ્વામી વિવેકાનંદની ઉક્તિને ઉજાગર કરવાનું ઉદ્‌બોધન કરી રહેલ પૂર્વ સાંસદ ડૉ. કે. ડી. જેસ્વાણી સાથે જાણીતા ધારાશાસ્ત્રી ઉમેશ ઢગટ, જેસી મેઘા શાહ, જેસી સ્મિતા શેઠના, જેસી ઋત્વી લખમાણી, જેસી પંકિત ગાંધી તેમજ અગ્રણી. (તસવીર : રાજુ મહંત, નડીઆદ)

આઇ. બી. પટેલ ઇંગ્લીશ સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવની ઉજવણી

આઈ. બી. પટેલ ઈંગ્લીશ સ્કૂલના મા. ઉ.મા. વિભાગના વાર્ષિક રમતોત્સવના પ્રસંગે વિજેતાઓને પ્રમાણપત્ર અને ઈનામ આપી સન્માન કરતા મહેશભાઈ ખ્રિસ્તી, મહેશભાઈ આર. પટેલ (તસવીર : પુષ્પેન્દ્ર આર. પટેલ, આણંદ)

આણંદ, તા. ૧૨

ચારૂત્તર વિદ્યામંડળ દ્વારા સંચાલિત આઈ. બી. પટેલ ઈંગ્લીશ (મા.ઉ.મા.) વિભાગમાં વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય ડૉ. મહેશ સ્ટેલીન ખ્રિસ્તીએ ધ્વજ ફરકાવી રમતોત્સવને ખુલ્લો મુકયો હતો. ત્યારબાદ તેઓએ જીવનમાં રમતોનું મહત્ત્વ સમજાવ્યું હતું.

વાર્ષિક રમતોત્સવમાં દોડ, કૂદ અને ફેંક જેવી રમતો રમાઈ હતી. જેમાં વિજેતા બનનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તેમજ ઈનામ આપી પ્રોત્સાહીત કરવામા આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના પી. ટી. શિક્ષક મહેશ આર. પટેલે કર્યુ હતું.

એમ.યુ. પટેલ (રેફ.) હાઈ. દ્વારા મેમરી મેજીક વર્ગનું આયોજન

આણંદ, તા. ૧૨

ચારૂત્તર વિદ્યામંડળ સંચાલિત એમ. યુ. પટેલ ટેકનીકલ હાઈસ્કૂલ દ્વારા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સહયોગથી ધર્મેશ પીઠવાનો મેમરી મેજીક વર્ગ શાપુરભાઈ લર્નિંગ સેન્ટર ખાતે યોજાઈ ગયો. આ વર્ગનો ચારૂત્તર વિદ્યામંડળ સંચાલિત માધ્યમિક શાળાના વિદ્યાર્થી ભાઈ બેનોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે મુખ્ય વકતા અને મેમરી મેજીક વર્ગના ટ્રેનર ધર્મેશ પીઠવા, આશીષ કાચા, પ્રીતિબેન, કિશનભાઈ, આચાર્ય ડૉ. શંકરભાઈ પારગી, પ્રોગ્રામ આયોજક એમ. યુ. પટેલ હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી ગુલાબસિંહ, આઈ. બી. પટેલ ઈંગ્લીશ સ્કૂલના આચાર્યા રીટાબેન પટેલ, ચારૂત્તર વિદ્યામંડળ સંચાલિત માધ્યમિક શાળાઓના શિક્ષકગણ તથા વિદ્યાર્થીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આભારવિધિ ગુણવંતભાઈ એ. વાળંદે, દિલીપભાઈ પટેલે કરી હતી.

૦-૦-૦-૦

ડી.એન. ઈન્સ્ટીટ્યુટમાં યુવા દિનની ઉજવણી

આણંદ, તા. ૧૨

ડી. એન. ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશનમાં સ્વામી વિવેકાનંદ જયંતિના ઉપક્રમે જેસીઆઈ વિદ્યાનગરના પ્રમુખ જેસી અજયભાઈ શાહ તથા ટ્રેનર જેસી હિતેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યુવા દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહેમાનોનું સ્વાગત કોલેજના કા. આચાર્ય ડૉ. ભૌતિકભાઈ પટેલ દ્વારા ઈન્સ્ટીટ્યુટના વાર્ષિક મેગેઝીન લક્ષ્ય આપીને કરવામાં આવ્યું હતું. જેસી હિતેશ પટેલે હુ એમ? (હું કોણ) વિષય ઉપર વિસ્તૃત માહિતી પુરી પાડતા જણાવ્યુ હતું કે પોતાની જાતને છેતરવી અયોગ્ય છે. જ્ઞાન આપણે વિવિધ જગ્યાએથી મેળવીએ છીએ પણ તેનો સદ્‌ઉપયોગ પોતાના જીવનમાં કઈ રીતે કરવો તેના વિશે અજાણ છીએ. તો આપણે પોતાનામાં રહેલી નબળાઈને પારખીને તેને શકિતમાં કઈ રીતે પરિવર્તિત કરવી તે શોધી તે મુજબ કાર્ય કરવું જોઈએ. કાર્યક્રમના અંતે કોલેજના પ્રા. નિરવભાઈ મહેતાએ ઉપસ્થિત સર્વનો આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના કા. આચાર્ય ડૉ. ભૌતિકભાઈ પટેલે કર્યુ હતું.

રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ જિલ્લા શાખા દ્વારા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને વિવેકાનંદ જન્મ જયંતી (યુવા દિવસ) નિમિત્તે સાયન્સ સીટી અમદાવાદની નિઃશુલ્ક મુલાકાત કરાવવામાં આવી. જેને રાષ્ટ્રિય અંધજન મંડળ શાખા વિદ્યાનગરથી પરાગભાઈ દેસાઈ દ્વારા લીલી ઝંડી આપી બસનું પ્રસ્થાન કરવામાં આવ્યું. આ પ્રવાસનું આયોજન કરનાર દિલીપભાઈ બારભાયા તેમજ જી.એચ. પટેલ એમબીએ કોલેજના પ્રોફેસર કે. એસ. પ્રસાદ અને નમ્રતાબેન અને નેહાબેન દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રજ્ઞાચક્ષુ યુવા વિદ્યાર્થીઓના આ પ્રવાસને સહયોગ કરનાર ભાવેશભાઈ પટેલ સવિતા - ગોવિંદ અંબાજીવાળા તેમજ કલ્પેશભાઈ પટેલનો રાષ્ટ્રીય અંધજન મંડળનાં સંચાલક સુધાબેન તથા રાધાબેન પટેલ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

પોસ્કો કેસનો આરોપી પોલીસને ધક્કો મારી ફરાર

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૨

પેટલાદ તાલુકાની ભુવેલ ગામની સીમમાંથી પેટલાદનો એક પોસ્કો કેસનો આરોપી પેશાબ કરવાના બહાને પોલીસને ધક્કો મારી ફરાર થઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે જમાદારની ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા ઈસમને ઝડપી પાડવાના ચકો ગતિમાન કર્યા છે.

મહેળાવ પોલીસ મથકે સને ૨૦૧૪ માં દાખલ થયેલા એક સગીરાના અપહરણ, એટ્રોસીટી અને પોસ્કના કેસમાં પોલીસે બાંધણી ગામમાં રહેતા રમેશભાઈ ઉર્ફે લાલો જયંતીભાઈ ભગત તથા ભરતભાઈ રાવજીભાઈ સોલંકીની ધરપકડ કરી હતી. બંને જણાં જામીન પર છૂટ્યા બાદ તેમની સામે સેશન્સ કોર્ટમાં પોકસો ૯૩/૧૪ થી કેસ ચાલતો હતો. દરમિયાન મુદતે હાજર ના રહેતા સેશન્સ જજે તેના વિરૂદ્ધ ધરપકડ વોરંટ કાઢ્યું હતું. જેના આધારે બાંધણી બીટના જમાદાર અરવિંદભાઈ ડાહ્યાભાઈએ તેમની ધરપકડ કરીને સેશન્સ કોર્ટમાં રજુ કરતા જજે તેનું ધરપકડ વોરંટ જારી કરીને તને જેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો. જમાદાર વોરંટ વાંચ્યા વગર સીધા જ બાઈક પર તેને લઈને આણંદની સબજેલમાં આવ્યા હતા. જ્યાં જેલરે ખંભાત સબજેલનું ઓડીટ હોય ત્યાં લઈ જવાનું જણાવ્યું હતું.

જેથી જમાદાર અરવિંદભાઈ પોતાના મિત્ર ગોરધનભાઈ ભયજીભાઈ તળપદા સાથે બાઈક નંબર જીજે ૨૩ બીજે ૪૩૦૩ ઉપર ખંભાત જવા નીકળ્યા હતા. સાંજના પોણા પાંચેક વાગ્યાના સુમારે તેઓ બોરસદની ડાલી ચોકડી વટાવીને ભુવેલ ગામની સીમમાંથી પસાર થયા હતા ત્યારે રમેશભાઈ ઉર્ફે લાલાએ પેશાબ કરવાનું જણાવીને બાઈક ઉભું રખાવ્યું હતું અને રોડની સાઈડે પેશાબ કરાવવા માટે લઈ ગયા હતા જ્યાં રમેશભાઈ ઉર્ફે લાલો જમાદારને ધક્કો મારી ખેતર તરફ ભાગી ગયો હતો. જમાદારે તેનો પીછો કર્યો હતો પરંતુ પકડાયો નહોતો અને રફુચક્કર થઈ ગયો હતો. જેથી તુરંત જ પીએસઆઈને જાણ કરી હતી. ત્યારબાદ કંટ્રોલને જાણ કરીને સમગ્ર વિસ્તારમાં કોર્ડન કરાવીને તપાસ હાથ ધરી છે.

નડિયાદ પશ્ચિમ સમિતિના આવેદન પત્રના પગલે હરકતમાં આવેલ તંત્રએ ૨૫ ઉપરાંત રીક્ષા ડીટેઈન કરી

(બ્યુરો) નડિયાદ, તા.૧૨

નડિયાદ પશ્ચિમ નાગરીક સમિતિએ ગતરોજ જીલ્લા કલેક્ટરને શહેરમાંની રીક્ષાઓને મીટર લગાવા માટે આપેલ આવેદનપત્રના પગલે આજે હરકતમાં આવેલ જીલ્લા આર.ટી.ઓ. વિભાગે શહેરમાં મીટર વગર ફરતી અને મુસાફર જનતાને આડેધડ લૂંટતી ૨૫ જેટલી રીક્ષાઓ ડીટેઈન કરી દંડનીય કાર્યવાહી હાથ ધરતાં આવા તત્વોમા ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નડિયાદ શહેરમાં દોડતી રીક્ષાઓમાં મીટર લગાવ્યા ન હોવાથી રીક્ષાના ચાલકો મુસાફર જનતા પાસે આડેધડ ભાડા વસુલી લૂંટ ચલાવતા હોવાની ફરીયાદો વ્યાપક બની હતી. દરમ્યાન શહેરીજનોને રાહતરૂપ એવી શહેરમા નગરપાલિકા તંત્ર દ્વારા દોડાવાતી સીટી બસ સેવા પણ તંત્રના પાપે બંધ થઈ ગઈ છે.

જેના પગલે શહેરના રીક્ષા ચાલકોને મોકળુ મેદાન મળી ગયું છે. બેફામ બનેલ રીક્ષા ચાલકો દ્વારા મુસાફર જનતાની ગરજનો લાભ લઈ રીતસર આડેધડ લૂંટ ચલાવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

આ વચ્ચે પેટ્રોલ-ડીઝલના ભાવમાં અગાઉના કરતાં ઘટાડો થયો હોવા છતાં બેફામ બનેલ રીક્ષા ચાલકોએ શહેરમાં રીક્ષાનું મીનીમમ ભાડુ રૂા. ૧૦ કરી દીધું હોવા છતાં તંત્ર મુકપ્રેક્ષક બની તમાશો જોતું હોવાનું લોકમુખે ચર્ચાય રહ્યું છે.

જેના પગલે છેલ્લા થોડા સમયથી શહેરમાં ફરતી રીક્ષાઓમાં ફરજીયાત મીટર લગાવા સાથે મીટરના આધારે જ ભાડુ વસુલવાની માંગ જાગૃતોમાંથી ઉઠવા પામી છે. જેના પડઘારૂપ નડિયાદ પશ્ચિમ નાગરીક સમીતીએ ગતરોજ પ્રમુખ નરેન્દ્ર નકુમની આગેવાનીમાં જીલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી શહેરમાં દોડતી તમામ રીક્ષાઓમાં મીટર લગાવાની માંગ કરી હતી. જેના અનુસંધાનમાં જીલ્લા કલેક્ટરે શહેરમાં મીટર વગરની રીક્ષા ફરતે ગાળીયો કસવાનો જીલ્લા આર.ટી.ઓ. વિભાગને આદેશ આપ્યો હતો.

જેના પગલે આજે હરકતમાં આવેલ જીલ્લા આર.ટી.ઓ. વિભાગે નડિયાદ શહેરમાં ધબડાટી બોલાવી મીટર વગર ફરતી અને મુસાફર જનતા માટે લૂંટ ચલાવતી ૨૫ ઉપરાંત રીક્ષાઓ ડીટેઈન કરી દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

જેને લઈ આવા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હોવાનું જાણવા મળેલ છે.

૦-૦-૦-૦

શેર સર્ટી ખોવાયેલ છે

શાહ હંસાબેન સુરેશચંદ્ર જેનો શેર સર્ટીફીકેટ નંબર ૧૪૫૩૧૫, ડીસ્ટીન્કટીવ નંબર ૧૨૫૩૫૧૨૧-૧૨૫૩૫૧૭૦ તથા શાહ સુરેશચંદ્ર જયંતિલાલના શેર સર્ટીફીકેટ નંબર ૧૪૫૩૧૭, ડીસ્ટીન્કટીવ નંબર ૧૨૫૩૫૨૨૧-૧૨૫૩૫૨૭૦ મેંગ્સોર કેમીકલ એન્ડ ફર્ટીલાઈઝર કંપનીના ૧૦૦ શેર ફોલીઓ નં. S૦૦૧૨૩૫૭ અમારા ઘર બદલવામાં ક્યાંક ખોવાઈ ગયેલ છે.

રહે. "ધન્વિન", ૧૩, નંદતનુજ, શાંતિપોળ સામે, કરમસદ-૩૮૮૩૨૫

SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR

Applications are invited for One post of Project Fellow in the Department of Biosciences under the UGC Major Research Project of Dr. T. V. Ramana Rao. The position is purely temporary and is co-terminus with the duration of the project.

Last date for submission of applications is 17-1-2018, for further details of qualifications and date of interview, please visit the website http://www.spuvvn.edu

10-1-2018
Vallabh Vidyanagar
(માહિતી/આણંદ/૫૫૪/૨૦૧૮)

(Shri N. K. Bhatt)
I/c. Registrar